—લા સૈકા (ઈ. સ. ના પ્રારંભ)માં લખાયેલા લેખવાળી મૂર્તિ મથુરાના કંકાલીટીલામાંથી મળી આવી છે : ૪૨૮

—લા સૈકા (ઈ. સ.ની ૨જી શતાબ્દીના પૂર્વાર્ધ)માં ભારતમાં આવેલા ટોલેમીએ અહિચ્છત્રાનો અડીસદ્રા નામે ઉલ્લેખ કર્યો છે : ૪૨૨

—લા સૈકા લગભગમાં આર્ય વજ્રસ્વામી પાટલીપુત્રમાં આવ્યા હતા : ૪૭૬

—લા સૈકામાં થયેલા શ્રીવિમલસૂરિએ 'પઉમચરિય'માં જણાવ્યું છે કે, ભગવાન મહાવીરસ્વામીએ શ્રેણિક મહારાજાને 'રામાયણ'ની કથાનો ઉપદેશ આપ્યો : ૪૫૭

—લા સૈકામાં મહારાષ્ટ્રની રાજધાની પ્રતિષ્ઠાન–પૈઠણમાં સાતવાહન નામે જૈનધર્મી રાજા હતો : ૩૭૪

—લા સૈકાનો જૈન મહાકવિ તિરુવલ્લુરનો 'કુરલ–તિરુકુરલ' નામે ગ્રંથ સર્વશ્રેષ્ઠ ગણાય છે : ૩૭૭

—લા સૈકામાં તક્ષશિલાનો ભંગ થયો એમ પુરાતત્ત્વનાં સાધનોથી જણાય છે : ટિ૦ ૩૬૪

—લા (ઇ. સ. ના ૧) સૈકામાં આર્ય સમિતસૂરિએ બ્રહ્મદ્વીપના ૫૦૦ તાપસોને જૈનધર્મમાં દીક્ષિત કર્યા હતા : ૪૦૩

—લો અને બીજા મતે ૫–૬ ઠ્ઠો સૈકા શ્રીસિદ્ધસેન દિવાકરનો સત્તાકાળ હતો : ૩૦૪

—લા સૈકા જેટલું પ્રાચીન લક્ષ્મણી તીર્થ જણાય છે : ૩૧૩

૧–૨ (ઈ. સ. ના ૧–૨) સૈકામાં તો જૈનાચાર્યોએ મધ્યપ્રદેશમાં પોતાનું મથક સ્થાપેલું હોવાનું જણાય છે : ૪૦૩

—ના (ઇ. સ. ૧–૨) સૈકાની સોનગુફા રાજગૃહના વૈભારપર્વત પર જતાં મણિયાર મઠની સામે છે, જેમાં જૈન શિલાલેખ કોતરેલો જોવાય છે (જે વૈરદેવ એટલે ઘણું કરીને શ્રીવજ્રસ્વામીનો નિર્દેશ કરે છે) : ૪૬૧

૧ થી ૩ શતાબ્દીના વચગાળાના સમયમાં થયેલા વાચકવર્ય શ્રીઉમાસ્વાતિ મહારાજે પાટલીપુત્રમાં રહીને જ 'તત્ત્વાર્થસૂત્ર'ની રચના કરી હતી : ૪૭૬

૧ થી ૮ મા સૈકા સુધી જૈનધર્મ દક્ષિણ ભારતનો શક્તિશાળી અને સર્વોપરિ ધર્મ હતો, એમ જૈન સાહિત્યની હકીકતોથી જણાય છે : ૩૭૪

૧૦૬ (કુશાન સં. ૯)ના લેખવાળી મૂર્તિ મથુરાથી મળી આવેલી તે લખનૌ મ્યુઝિયમમાં છે : ૪૨૯

૧૦૮ માં શત્રુંજયનો ઉદ્ધાર કરાવનાર મધુમતી (મહુવા)ના શ્રેષ્ઠી જાવડિશાહે ભગવાન ઋષભદેવની પ્રતિમા તક્ષશિલામાંથી મેળવી શત્રુંજય તીર્થમાં મૂળનાયક તરીકે સ્થાપન કરી હતી : ૩૫૦, ૩૬૩

૧૦૯ (કુશાન સં. ૧૨)ના લેખવાળી મૂર્તિ રામનગરમાંથી મળી આવી છે : ૪૨૪

—(કુશાન સં. ૧૨)ની એક જિનમૂર્તિના પદ્માસન ઉપરનો લેખ અહિચ્છત્રાથી મળી આવ્યો છે : ૪૨૩

૧૧૪ (વીર નિ૦ સં૦ ૫૮૪)માં ગોષ્ઠામાહિલે મંદસોરમાં અબદ્ધિક સિદ્ધાંતની પ્રરૂપણા કરવાથી તેને સાતમા નિહ્નવરૂપે ગણવામાં આવ્યો : ૩૧૯

—માં આર્ય શ્રીવજ્રસ્વામીનું કુંજરાવર્તગિરિ ઉપર નિર્વાણ થયું : ૩૧૦, ૩૨૮

૧૨૨ (વીર નિ૦ સં૦ ૫૯૨)માં આર્ય રક્ષિતસૂરિએ આગમ સાહિત્યને ચાર અનુયોગમાં વિભાજિત કર્યું : ૩૧૯

૧૨૭ (વીર નિ૦ સં૦ ૫૯૭)માં આર્ય રક્ષિતસૂરિનો સ્વર્ગવાસ દશપુર–મંદસોરમાં થયો : ૩૧૯

૧૩૭ (કનિષ્ક સં૦ ૪૦)ના ઉલ્લેખોવાળી જૈન મૂર્તિઓ અહિચ્છત્રાથી મળી આવી છે : ૪૨૨

૧૪૫ (કુશાન સં. ૪૮)ની સાલની મથુરાના કંકાલીટીલાથી મળી આવેલી મૂર્તિ લખનૌના અજાયબઘરમાં છે : ૪૩૦

૧૫૩ થી ૨૦૯ (ઇ. સ. ૯૬ થી ૧૫૨) સુધીના કોતરેલા લેખવાળો એક જૈન મંદિરનો સભામંડપ અહિચ્છત્રામાંથી મળી આવ્યો છે : ૪૨૪

૧૫૫ (કુશાન સં. ૫૮)ની સાલની મથુરાના કંકાલીટીલાથી મળી આવેલી મૂર્તિ લખનૌના અજાયબઘરમાં છે : ૪૩૦

૧૫૭ (કુશાન સં. ૬૦)ની એક જિનમૂર્તિ લખનૌના અજાયબઘરમાં છે : ૪૨૦

૧૫૯ (કનિષ્ક સં. ૬૨, ઇ. સ. ૧૦૪)માં રાઢના જૈન સાધુની પ્રાર્થનાથી જૈન મૂર્તિની સ્થાપના કરવામાં આવી : ૪૧૨

૧૬૮ (કુશાન સં. ૭૧)ની સાલની મથુરાના કંકાલીટીલામાંથી મળેલી મૂર્તિ લખનૌના અજાયબઘરમાં છે: ૪૩૦

૧૭૧ (કુશાન સં. ૭૪)ની સાલની મથુરાના કંકાલીટીલામાંથી મળી આવેલી જિનમૂર્તિ લખનૌના અજાયબઘરમાં છે : ૪૩૦

—(કનિષ્ક સં. ૭૪)ના ઉલ્લેખવાળી જૈન મૂર્તિ અહિચ્છત્રાથી મળી આવી છે : ૪૨૨

—(કુશાન સં. ૭૪)ની સાલનો જિનમૂર્તિના પદ્માસનનો લેખ અહિચ્છત્રાથી મળી આવ્યો છે : ૪૨૪

૧૭૬ (કુશાન સં. ૭૯)ના લેખવાળી મૂર્તિ મથુરાના કંકાલીટીલામાંથી મળી આવી છે : ૪૨૮

૧૭૭ (કુશાન સં. ૮૦)ની સાલની મથુરાના કંકાલીટીલામાંથી મળી આવેલી એક જિનમૂર્તિ લખનૌના અજાયબઘરમાં છે : ૪૩૦

૧૮૯ (કુશાન સં. ૯૨)ની સાલની એક જિનમૂર્તિ લખનૌના અજાયબઘરમાં છે : ૪૨૦

૧૯૦ (કુશાન સં. ૯૩)ની સાલની એક જિનમૂર્તિ લખનૌના અજાયબઘરમાં છે : ૪૨૦